અંક : ૧૫

સપ્ટેમ્બર ૨૦૨૩

દશનામ
સરક્યુલર



CONGRATULATIONS
ISRO
For
CHANDRAYAAN-3's
SUCCESSFUL LANDING
ON THE **MOON's**
SOUTH POLE.



દશનામ

ઇ સરક્યુલર

વર્ષ : ૦૨

●

અંક : ૧૫

●

સપ્ટેમ્બર ૨૦૨૩

●

તંત્રી
લલિતપુરી રામપુરી ગોસ્વામી

●

E-mail
dashnamcircular@gmail.com

●

પ્રકાશન અને સંકલન
લલિતપુરી આર. ગોસ્વામી
સુરત.
મો. 98985 50833

●

ડિઝાઈન
જી.પબ્લીકેશન્સ
સુરત.

●

પ્રાપ્તિ સ્થાન

તંત્રીલેખ...

સંપત્તિની જેમ **શરીર**ને પણ સાચવો...

સૌથી મોટી સંપત્તિ નિરોગી કાયા છે. લોકોએ નિરોગી શબ્દ ભુલાવી દીધો છે અને શરીર જ સૌથી મોટી સંપત્તિ બની ગયું છે. જીવન શરીર અને સંપત્તિની આજુબાજુ જ કેન્દ્રિત થઈ ગયું છે. જેવી રીતે શરીરની સંપત્તિ નિરોગી હોવામાં છે, એવી જ રીતે ધનનું મહત્ત્વ તેની સદાચરણથી કમાણી અને ખર્ચ કરવામાં છે. અગાઉ એક તબીબ અનેક બીમારીઓનો ઈલાજ કરતો હતો અને હવે એક બીમારી પાછળ અનેક તબીબ લાગી પડે છે. અને વર્તમાન સમયમાં તો માનવીનું શરીર બેન્કના એટીએમ જેવું થઈ ગયું છે, ઈચ્છે એ અંગમાંથી આપણી પાસેથી રકમ કઢાવી શકે છે.

લોકો શાસ્ત્રોને જૂનવાણી કહીને ભલે ફગાવી દેતા હોય, પરંતુ તેમાં કેટલીયે ઉપયોગી વાતો લખેલી છે. શાસ્ત્રોએ ચેતવણી આપી છે કે એક દિવસ જ્યારે આ શરીર તૂટશે ત્યારે કોઈ સાથ નહીં આપે. આથી પોતાના શરીરથી અલગ થવાની ક્રિયા શરૂ કરી દો.

- લલિતપુરી આર. ગોસ્વામી

દશનામ

ⓔ સરક્યુલર

... અનુક્રમણિકા ...



બનાસકાંઠાના થરાદ તાલુકાના રાહ ગામ ખાતે

ધ નેશનલ આર્ટ કૉલેજની નવી ઈમારતનું નાયબ કલેક્ટર દ્વારા ઉદ્‌ઘાટન...

કૉલેજના સંસ્થાપકમાંનાં એક એવા શિક્ષણક્ષેત્રે ઝળહળતી જ્યોત જલાવતા મોડા સદ્‌ગુરૂ આશ્રમ (વાગડ)નાં મહંત શ્રી પરસોત્તમપુરી સુરજપુરી ગોસ્વામી



- રમેશપુરી ગોસ્વામી 'સારથિ'
લાકડિયા, ભચાઉ (કચ્છ)

તાજેતરમાં બનાસકાંઠાના થરાદ તાલુકાના રાહ ગામ ખાતે ધ નેશનલ આર્ટ્સ કોલેજની નવી ઇમારતનું નાયબ કલેક્ટર ગોહિલ સાહેબ દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના સહભાગીઓ, સંસ્થાપકો, શિક્ષણ તથા રાજકિય ક્ષેત્રનાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી જગદીશભાઈ પટેલ, શ્રી બળવંતભાઈ વાઘેલા, શ્રી નરપતસિંહ વાઘેલા, શ્રી નવીનભાઈ પટેલ, શ્રી કાંતિભાઈ પટેલ સહિતનાં મહાનુભાવો



ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કોલેજના સંસ્થાપકમાંનાં એક એવા શ્રી પરસોતમપૂરી સૂરજપુરી ગોસ્વામી (બાબુપુરી) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી પરસોતમપુરી બાપુ થોડાં વર્ષો પહેલાં જ વય નિવૃત્તિ થયા હતા. શિક્ષક હતા ત્યારે એમની ઘેર સમાજના અનેક બાળકો ભણવા માટે આવતા હતા. સમાજ ઉપરાંત ઈતરજ્ઞાતિના લોકોને પણ પોતાનાં ઘેર રાખીને ભણાવતા હતા. આ કોલેજમાં ગુજરાતભર માંથી વિધાર્થીઓ આવકાર્ય છે. શિક્ષણ સાથે ધર્મની આહલેખ પણ જગાડતા રહે છે. એમનો જન્મ 01-06-1960 નાં રોજ માતુશ્રી સંતોકબેન, પિતા શ્રી સુરજપુરી જેસંગપુરી ગોસ્વામીનાં ઘેર થયો. આ પરિવારમાં અનેક મોટા સંતો થઇ ગયા. ડુંગરપુરી બાપુ થઈ ગયા જેમણે ધર્મની જ્યોત જલાવી. મૂળ ભીમાસર (ભૂટકિયા)ના અને હાલે એમનાં પિતાશ્રી શ્રી શૈજપુરી (સુરજપુરી) બાપુ દ્વારા સ્થાપિત આશ્રમ મોડા મધ્યે મહંત તરીકે ધર્મની ધરા સંભાળે છે. ઉપરાંત શિક્ષણ ક્ષેત્રે પણ યોગદાન આપી રહ્યા છે. એમનાં પરિવારનાં દીકરી ડોકટર શ્રી નીતાબેન ગોસ્વામી (ચિત્રોડ આરોગ્યકેન્દ્ર), બીજાં દીકરી દર્શનાબેન ગોસ્વામી (નર્સ રાપર આરોગ્ય કેન્દ્ર) માં ફરજ બજાવે છે. એમનાં સુપુત્રશ્રી શૈલેષપુરી ગોસ્વામી ડોકટર તરીકે નિમણૂક પામ્યા છે. બાબુપુરીનાં હુલામણાં નામે ઓળખાતા ગોસ્વામી સાહેબ સમાજ માટે હમેશાં તત્પર રહે છે. સાલસ સ્વભાવના અને પ્રસિદ્ધિથી દુર રહેવાવાળા ગોસ્વામી સાહેબ કહે છે કે શિક્ષણ વગર સમાજનો વિકાસ શક્ય નથી એવું સ્પષ્ટ પણે માને છે. ધ નેશનલ આર્ટ કોલેજ, રાહમાં તેઓ સંસ્થાપક તરીકે નવી સેવાકીય કારકિર્દી શરુ કરી રહ્યા છે ત્યારે ઠેર-ઠેરથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. શ્રી બાબુપુરી બાપુ ધર્મની સાથે શિક્ષણની આહલેક જગાવી રહ્યા છે. શ્રી પરસોત્તમપુરી બાપુને દશનામ સરક્યુલર પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

ૐ નમો નારાયણ..



જામજોધપુરમાં વિદ્યાર્થીઓને સન્માનિત કરતો કાર્યક્રમ

શારદા અભિવાદન સમારોહ

સંપન્ન થયો...



ચૈતન્યપુરી એસ. ગોસ્વામી
એડવોકેટ, જામજોધપુર

જામજોધપુરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ દશનામ ગોસ્વામી જ્ઞાતિ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરતો 12મો 'શારદા અભિવાદન સમારોહ - 2023 'હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો.

આ કાર્યક્રમમાં જામજોધપુર શહેરના 46 તેમજ જામજોધપુર તાલુકાના 27 જેટલા વિદ્યાર્થીઓને શિલ્ડ તેમજ કીટ આપી અને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું પ્રમુખ સ્થાન સમાજની આગવી પરંપરા મુજબ ધોરણ 10 માં પ્રથમ નંબરે આવેલા ગોસ્વામી મલ્હારપુરી વિમલપુરી ને આપવામાં આવ્યું હતું. તો તાજેતરમાં જ ડોક્ટર બનેલા ડોક્ટર નિશાંતપુરી પ્રદીપપુરી તેમજ ડોક્ટર પ્રિયેશગીરી દિલીપગીરી અને રબારીકાના વતની અને આટોમોબાઇલ એન્જિનિયર બનેલા પ્રતીકપુરી મુકેશપુરીનું સન્માન અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહન રૂપ રહ્યું હતું.

આ પ્રસંગે દશનામ ગોસ્વામી જ્ઞાતિ સમાજ જામજોધપુરના નવનિયુક્ત થયેલા દસમા પ્રમુખ શૈલેષગીરી બળવંતગીરી ગોસ્વામીએ પોતાના સ્વાગત પ્રવચનમાં સમાજની ભવિષ્યની યોજનાઓ વિશે

જાણકારી આપી હતી. જેમાં માનનીય ધારાસભ્યશ્રી હેમંતભાઇ ખવા દ્વારા ફાળવવામાં આવેલી રૂપિયા ત્રણ લાખની ગ્રાન્ટ તેમજ સમાજ વાડીના રીનોવેશન અને સમાજના સમાધિ સ્થાને સુંદર શિવાલયનું નિર્માણ મુખ્ય હતા. તો સમાજના પૂર્વ પ્રમુખ રમેશગીરી વલ્લભગીરી દ્વારા સમાજના વિકાસની અવિરત યાત્રાનું આબેહૂબ વર્ણન કર્યું હતું. અને સમાજના પૂર્વ પ્રમુખોએ સમાજ વિકાસ માટે કરેલા કાર્યોની યાદી કરાવી હતી. તો કુમારી પ્રાર્થનાબેન નિકુંજપુરી અને કુમારી ક્રિષ્ટીબેન કિશનગીરી દ્વારા વિધાર્થી પ્રતિભાવો રજૂ કરવામાં આવ્યા હતા.

આ શુભ પ્રસંગે સંતો મહંતો તેમજ સમાજના આગેવાનો ઉપસ્થિત રહી અને આ પ્રસંગ દીપાવેલ હતો. તો મૂળ જામજોધપુરના વતની અને હાલ રાજકોટ રહેતા સુખદેવભારતી મનસુખભારતી દ્વારા તેમના પિતાશ્રી કૈલાસવાસી મનસુખભારતી ભગવાનભારતીના સ્મરણાર્થે ભોજન સમારંભના દાતા બની, જ્ઞાતીભોજન કરાવેલ તો સમગ્ર કાર્યક્રમનું સુપરહિટ સંચાલન જામનગરના સીએ કૌશિકગીરી ભગવાનગીરી દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતમાં સમાજના નવનિયુક્ત મંત્રી પિનાકગીરી રમેશગીરી દ્વારા આભાર વ્યક્ત કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરેલ હતો.









શારદા અભિવાદન
સમારોહની **તસ્વીરી** ઝલક











હાર્દિક અભિનંદન

ભારતે રચ્યો સ્વર્ણિમ ઈતિહાસ

ચંદ્રયાન-3 નું ચંદ્ર પર સફળતા પૂર્વક લેન્ડીંગ...



શશીપુરી પી. ગોસ્વામી
સુરત

ઈસરોના વિક્રમ લેન્ડરે ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરતા જ ભારતે સ્વર્ણિમ ઈતિહાસ લખ્યો છે. 23 ઓગસ્ટ, 2023ના દિવસે સાંજે 6.04 કલાકે ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક ચંદ્રયાન 3ના (Chandrayaan 3) વિક્રમ લેન્ડરે સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યુ છે. ચંદ્રના આ અજાણ્યા સાઉથ પોલ ઉપર સોફ્ટ લેન્ડિંગ કરનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. ભારતનું ચંદ્રયાન 3 મિશન માનવજાતના ઈતિહાસનો સોનેરી સૂર્યોદય બની રહેશે.

ચંદ્રયાન-3ની ચંદ્ર પર સફળ લેન્ડિંગ બાદ ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઇસરો)ના પ્રમુખ એસ. સોમનાથે અભિયાન સફળ થયાની જાહેરાત કરી હતી.

ચંદ્રયાન-2 નિષ્ફળ રહ્યા બાદ ચંદ્રયાન-3 મિશન 14 જુલાઈના રોજ લૉન્ચ કરવામાં આવ્યું હતું. 5 ઑગસ્ટના રોજ ચંદ્રયાન-3એ ચંદ્રમાની કક્ષામાં પ્રવેશ કર્યો હતો.

ચંદ્રયાન-3માં એક લૅન્ડર, એક રૉવર અને એક પ્રૉપલ્શન મૉડ્યુલ લાગેલાં છે. જેનું કુલ વજન 3,900 કિલોગ્રામ છે.

ચંદ્રયાન 3 મિશનનો ઉદ્દેશ શું ?

- ચંદ્રના વાતાવરણમાં થતા તાપમાનના ફેરફાર નોંધવા.



- ચંદ્રની સપાટી ઉપર સોલાર પવનોની અસર નોંધવી.
- ચંદ્રની સપાટી પર પાણીની શક્યતા, ખનીજોની ઉપલબ્ધતાની તપાસ કરશે.
- ચંદ્ર પર બરફનું પ્રમાણ અને ભૂકંપની શક્યતાઓ અને ભવિષ્યના મિશન માટેની યોજનાઓ સાકાર કરવાની શક્યતા તપાસશે.

ચંદ્રયાન 3 મિશનની હમણા સુધીની ઘટનાઓ:

- 14 જુલાઈ, 2023ના દિવસે ઈસરોએ બપોરે 2.35 કલાકે ચંદ્રયાન 3 ને સફળતાપૂર્વક લોન્ચ કર્યુ.
- 15 જુલાઈ, 2023ના દિવસે ચંદ્રયાનના સ્પેસક્રાફ્ટે ફાયરિંગની મદદથી પૃથ્વીની પ્રથમ ભ્રમણકક્ષામાં ફરવાનું શરુ કર્યુ.
- 17 જુલાઈ, 2023ના દિવસે ચંદ્રયાન 3 પૃથ્વીની બીજી ભ્રમણકક્ષામાં પહોંચ્યું.
- 18 જુલાઈ, 2023ના દિવસે ચંદ્રયાન 3 પૃથ્વીની ત્રીજી ભ્રમણ-કક્ષામાં પહોંચ્યું.
- 20 જુલાઈ, 2023ના રોજ ચંદ્રયાન 3 એ પૃથ્વીની ચોથી ભ્રમણકક્ષામાં પ્રવેશ કર્યો.
- 25 જુલાઈ, 2023ના દિવસે ચંદ્રયાન 3 એ પૃથ્વીની અંતિમ અને પાંચમી ભ્રમણ-કક્ષામાં ભ્રમણ કરવાનું શરુ કર્યુ
- 1 ઓગસ્ટની મધરાત્રે 12 થી 1 કલાકની વચ્ચે ચંદ્રયાન 3એ પૃથ્વીની કક્ષા છોડી ચંદ્ર તરફ પ્રયાણ કર્યું છે.
- 5 ઓગસ્ટે સાંજે લગભગ 7 વાગ્યે ચંદ્રયાન 3 ચંદ્રની ભ્રમણકક્ષામાં પ્રવેશ કર્યો.
- 17 ઓગસ્ટે ચંદ્રના 5 ચક્કર લગાવ્યા બાદ ચંદ્રયાન ચંદ્રની સપાટીથી 100 કિમીની ઊંચાઇ પર ભ્રમણ કરવાનું શરુ કર્યું.
- 18 ઓગસ્ટે ડીબુસ્ટિંગ પ્રકિયાથી ચંદ્રયાનના લેન્ડર મોડયૂલની ગતિ ઘટાડાઈ.
- 20 ઓગસ્ટે લેન્ડર મોડયૂલ ડીઓર્બિટિંગ થયુ. ચંદ્રયાન 3ના લેન્ડરે 100 x 30 કિમીના લૂનર ઓર્બિટમાં પ્રવેશ કર્યો.



આ લેખ જરૂરથી વાંચજો... આંખમાં આંસુ આવી જશે...
ઘણા પરિવારમાં વડીલો સાથે જાણતા-અજાણતા આવું બની રહ્યું છે...

સાંજના 6.30 થયા ઓફીસની લાઈટો ફટાફટ બંધ થવા લાગી. સ્ટાફ ઘરે જવા ઉતાવળો થતો હતો. અને એક હું. ફરી ઘરે જવાનું છે એ વિચારથી ઊંડો નિસાસો નાખતો હતો.

ઓફીસમાં મોડે સુધી બેસી. મારા પેન્ડિગ કામ પુરા કર્યા. હવે તો પેન્ડિંગ કામ બીજાના પણ પુરા કરી ઓફીસમાં વધુ સમય ગાળતો હતો.

મોબાઈલ અને T V એ ધીરે ધીરે પરિવારની આત્મીયતા ઝૂંટવી લીધી હતી. મોબાઈલના મેસેજીસની લાઇકસ ગણવામાં પરિવારની લાઇકસ-ડિસલાઇકસ જોવાનો કોઈ પાસે સમય બચ્યો નથી.

ઘણા સમયથી મારા ઘરનું વાતવરણ બદલાઈ રહ્યું હતું.

મારી પત્ની જે મને ખુબ પ્રેમ કરતી હતી. તેના વર્તનમાં પણ કોઈ કારણથી બદલાવ આવ્યો હતો સાથે બાળકોના વર્તનમાં પણ.

જે મારી પત્ની મને લંચ સમયે ઓફીસમાં મોબાઈલ કરી પૂછી લેતી સાંજે જમવામાં શુ બનાવુ? એ મીઠા ટહુકા પણ ધીરે ધીરે હવે બંધ થયા.

ઓફિસેથી ઘરે આવતા મને મોડું થાય તો ઘરેથી કોઈ મોબાઈલ કરી પૂછવાની દરકાર પણ કરતું નથી. ઘરની દરેક વ્યક્તિ પોતાની પ્રવૃત્તિમાં મસ્ત અને વ્યસ્ત હતા.

હું ઓફિસેથી જ્યારે ઘરે પહોંચુ ત્યારે બાળકો મોબાઈલમાં વ્યસ્ત હોય અને સ્મિતા તેની TV સિરિયલમાં વ્યસ્ત હોય. અર્થશાસ્ત્રના નિયમમુજબ મારા પરિવારનો મારામાંથી તુષ્ટિગુણ ઘટતો જતો હોય તેવું મને લાગતું હતું.

બુટ કાઢી હું જાતે પાણીનો ગ્લાસ ભરીને પી લેતો, પણ ઘરની દરેક વ્યક્તિ આ શિષ્ટાચાર ભૂલતો જતો હતો તેનું મને દુઃખ હતું.

યંત્રવત જિંદગીથી હું પણ કંટાળી ગયો હતો, મારા પરિવારને મહિને ફક્ત મારા પગારની જરૂર હોય તેવું તેમના વ્યવહાર ઉપરથી મને લાગતું હતું.

મેં પણ ઘણા સમય થી મૌન સ્વીકારી લીધું હતું, રાત્રે ડિનર પતાવી હું બેડરૂમ માં જતો રહેતો. ધીરે ધીરે એકલતા તરફ જતો હતો.

હું સમજતો હતો એકલતા હમેશા કોઈ ગંભીર બીમારીને આમંત્રણ આપતી હોય છે જ્યારે એકાંત ઈશ્વર તરફ પ્રયાણ કરવા આમંત્રણ આપતું હોય છે. હું ધીરે ધીરે મારી જાતને એકાંત તરફ લઈ જવા પ્રયત્ન કરતો હતો. પણ એક તરફ ઈશ્વર અને બીજી તરફ પરિવારની માયામાં મારો જીવડો અટવાયો હતો.

એકલતામાં વ્યક્તિને ગુમાવ્યાનો અથવા દૂર જવાનો "તડફડાટ" હોય છે, જ્યારે "એકાંત"માં ઈશ્વરની નજીક અથવા પામવા માટે નો "થનગનાટ" હોય છે.

એક દિવસ હું મોડે સુધી ઓફીસમાં કામ કરતો હતો ત્યારે મારા કંપનીના માલિક પણ એ દિવસે કોઈ કામથી રોકાયા હતા...

તેમણે મને ચેમ્બરમાં બોલાવી પૂછ્યું, તમે કામને પહોંચી શકતા નથી. કે ધીરુ કામ કરો છો? હું નીચે માથું કરી તેમને સાંભળતો હતો. તેઓ બોલ્યા, કોઈ બીજી તકલીફ તમને હોય તો પણ જણાવો. મેં તેમની સામે ભીની આંખે જોયું. એટલે તેઓ બોલ્યા. તમારાથી ઉંમરમાં હું મોટો છું. તકલીફ જણાવશો તો દૂર કરવા પૂરતો પ્રયત્ન કરીશ. તમે અમારી કંપનીના સિનિયર અને સિન્સિયર કર્મચારી છો. તો અમારી પણ કોઈ ફરજ તમારા પ્રત્યે બને છે.

મેં મારી દિલ ખોલીને કૌટુંબિક હકીકત તેમને જણાવી.

તેઓએ મને શાંતિ થી સાંભળ્યા પછી કીધું, જો ભાઈ, પ્રયત્ન કર્યા વગર કોઈ પણ વ્યક્તિને ધન દોલત, પ્રેમ, લાગણી કે પછી નોકરી સરળતાથી પ્રાપ્ત થાય તો તેની કદર કે કિંમત તેઓને મન હોતી નથી. એ માટે તેમને ઘણી વખત આપણે અહેસાસ કરાવવો પડે.

મારા બોસ સંપૂર્ણ સાચા હતા. તેઓ આગળ બોલ્યા, હવે તમારે મારી આગળની કાર્યવાહી ફક્ત જોવાની છે અને હું કહું એટલું જ કરવાનું છે અને બોલવાનું છે.

આ શહેરમાં મારા જમાઈની એક

હોસ્પિટલ આવેલ છે. ત્યાં તમારે થોડા સમય માટે દાખલ થવાનું છે. વ્યવસ્થા બધી મારી ઉપર છોડી તમારે ફક્ત ચિંતા મુક્ત રહેવાનું છે.

અમે તેમની કારમાં બેસી એક અદ્યતન હોસ્પિટલમાં દાખલ થયા. કાર પાર્ક કરી. અમે સીધા તેમના જમાઈ ડોકટર પાસે ગયા. મારા બોસે આખો પ્લાન તેમના જમાઈને સમજાવી દીધો.

થોડા સમય પછી મને ICU માં દાખલ કરવામાં આવ્યો. આ દરમ્યાન મારા બોસે મારા ઘરે ફોન કરી જાણ કરી દીધી. થોડીવારમાં મારો પરિવાર દોડતો આવ્યો. તેઓને ICU માં જવા દેવામાં ન આવ્યા પણ ડોકટરને મળવા દીધા.

ડોકટરે કીધું. જુઓ, એમને અચાનક હાર્ટમાં દુખાવો થયો. નસીબ સારા હતા, એ સમયે કંપનીના માલિક ત્યાં હાજર હતા તેઓએ તાત્કાલિક અહીં દાખલ કર્યા.

પ્રાથમિક તપાસ અને રિપોર્ટ એવું કહે છે. હાર્ટ તેમનું ઘણું નબળું છે. ઓપરેશન કરવું વધારે જોખમકારક છે. મારી દ્રષ્ટિએ દેવાંગભાઈને પરિવારના પ્રેમ અને હૂંફની વધારે જરૂર લાગે છે, બાકી ભગવાનની પ્રાર્થના જ વધારે આયુષ્ય તેમને આપી શકે તેમ છે. બીજી રીતે સાચું કહું તો આ કાચનું વાસણ કહેવાય.

પરીવારની આંખોમાં આંસુ હતા. મારા પરિવારે મને મળવાની ઈચ્છા વ્યક્ત કરી પણ ડોકટરે કીધું. હમણાં બે દિવસ. કોઈ ને પણ મળવા દેવામાં નહિ આવે. હવે, પરિવારને ગંભીરતાની ખબર પડી.

ત્રણ દિવસ પછી ડોકટરે મને રજા આપી. હું ઘરે આવ્યો. હવે, મારા બાળકો અને પત્નીના સ્વભાવમાં અકલ્પનીય ફેરફાર થવા લાગ્યો. જેટલો બને તેટલો સમય મને તેઓ આપવા લાગ્યા. મારી પત્ની એ TV ની સિરિયલો છોડી મારી સાથે સમય વધારે ગાળવા લાગી.

મોડી રાત્રે મારી પત્ની ઉઠી. મને જોતી રહેતી હતી. કોઈ વ્યક્તિને ગુમાવવાની પીડા કેવી હોય એ હું મારી પત્નીમાં બદલાતા જતા વ્યવહારથી મારી નજર સામે જોઈ રહ્યો હતો.

મારી પત્નીનું જમવાનું અનિયમિત થઈ ગયું. રાત્રે ઊંઘ ઓછી થઈ ગઈ ઘણી વખત મોડી રાત્રે મારા માથે હાથ ફેરવવા લાગતી. મને મારો પ્રેમ પાછો મળતો હોય તેવું લાગતું હતું.

એક દિવસ હું એકલો હતો ત્યારે મેં મારા બોસ ને. મોબાઈલ કરી કીધું. બસ સાહેબ હવે વધારે નહિ. મારી પત્નીની તકલીફો હું વધારે નહિ જોઈ શકૂ.

બોસ બોલ્યા. એક કામ કરો આજે ચેકઅપ માટે હોસ્પિટલ આવી જાવ. વધારે વાત ત્યાં કરી લઈએ અને હા પરિવારને સાથે લાવવાનું ભુલાય નહિ.

અમે હોસ્પિટલ ગયા. ડોકટરે મને ચેક કરી. મારા પરિવાર સામે રિપોર્ટ જોઇ કીધું, ચમત્કાર.. તમારા પ્રેમ અને પ્રાર્થનાની અસર થઈ છે. આપણે જે બીક હતી. તેમાંથી તેઓ બહાર આવતા જાય છે. ઘણો ચમત્કાર કહેવાય.

પત્ની અને બાળકો મને ભેટી પડ્યા. અને બોલ્યા : "ગોડ ઇઝ ગ્રેટ"

હું મનમાં બોલ્યો: ભગવાન તો જાદુગર છે જ, પણ મારો બોસ પણ ગ્રેટ છે.

મારા બોસ તાળી પાડી બોલ્યા અભિનંદન, કોઈ મોટી સર્જરી વગર તમારી તકલીફ દૂર થઇ રહી છે.

ઈશ્વરનો આભાર માનો તેમણે તમારા પરિવારની પ્રાર્થના સાંભળી છે.

મેં પણ હાથ જોડી ડોકટર અને બોસનો આભાર માન્યો.

મેં કીધું ડોકટર સાહેબ ઓફીસ ક્યારથી જોઈન્ટ કરી શકાય?

બોસ બોલ્યા, શું ઉતાવળ છે?

લો આ ચાર ટિકિટ તમારા પરિવારની 15 દિવસની પેકેજ ટુર છે "કુલુ-મનાલી" ફરીને આવો ફ્રેશ થઇ પછી નોકરી જોઇન્ટ કરો.

મારા બોસ મારા પરિવાર સામે જોઈ





બોલ્યા. પ્રેમ અને દુવામાં દવા કરતા પણ વધારે તાકાત હોય છે. જે તમે જોઈ લીધું.

ઘરમાં પ્રેમ અને પ્રાર્થનાનું સ્થાન જ્યારે TV કે મોબાઈલ હસ્તગત થઈ જાય ત્યારે મંદિરને બદલે હોસ્પિટલના પગથિયાં ચઢવા પડે છે.

સવાર પડે અને પરિવાર રૂપી માળામાંથી આર્થિક પ્રવૃત્તિ માટે ઉડતા પંખીઓ સાંજે માળામાં પરત આવે ત્યારે તેને TV નો ઘોઘાટ નહિ પણ પરિવારનો કલરવ અને કલબલાટ આખા દિવસનો થાક ઉતારી આપતો હોય છે.

અમસ્તું કીધું છે "Home Sweet Home"

વાસ્તવમાં ઘરને વૈભવી વસ્તુની નહી પ્રેમ, હૂંફ, વિશ્વાસ, સંતોષ અને આધ્યાત્મિક વાતાવરણની જરૂર હોય છે. જે પરિવાર આ વાત સમજતા નથી એ "ઘર" માં નહિ પણ

"મકાન" માં રહે છે. એટલે જ "ઘર એક મંદિર" કહેવાય છે કદી "મકાન એક મંદિર" એવું નથી કહેવાતું.

બોસ હસી ને આગળ બોલ્યા: "પક્ષી પૂછે તારી ડાળે અમને માળો કરવા દઈશ? વૃક્ષ કહે, રોજ મધુર ટહુકા ભાડા પેટે લઈશ.

બસ ઘરની મુખ્ય વ્યક્તિ ઝાડ છે. તે બીજી અપેક્ષા પરિવાર પાસે નથી રાખતો, પણ ઘરે થાકીને આવે ત્યારે "મધુર ટહુકા" ની અપેક્ષા રાખે તો તેમાં ખોટુ પણ શુ છે.?

મેં કંઇ ખોટું કીધું? મારા બોસે મારી અને મારા પરિવાર સામે જોઈ કીધું, મારા પરિવારના પ્રશ્ચયતાપના આંસુ તેમના પ્રશ્નનો પ્રત્યુત્તર હતો.

બોસ હસીને બોલ્યા હવે ઓફીસમાં મારી મંજૂરી વગર કામના કલાકો પછી તમારે રોકાવાનું નથી સમજ્યા?

ડોકટર મારા બોસ સામે જોઇ હસીને બોલ્યા. વગર ઓપરેશને ઉપચાર કેમ કરવો એતો તમારી અનુભવી આંખે મને શીખવાડ્યું.

મિત્રો, નાની પણ બહુ મોટી વાત.

પાણી પોતાનુ આખુ જીવન આપીને વૃક્ષને મોટુ કરે છે, એટલા માટે કદાચ પાણી લાકડાને ડૂબવા નથી દેતું !

મા-બાપનુ પણ કંઈક આવુંજ છે...

શ્રી દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ (રજી. ટ્રસ્ટ) જામનગર સંચાલિત

શ્રી ચેતનગીરી મધુગીરી ગોસ્વામી

દશનામ ગોસ્વામી મેડિકલ ભવન - અમદાવાદ

સિવિલ હોસ્પિટલ, ગેઈટ નં. ૫ ની સામે, મુખીવાસ, જહાંગીરપુરા, અસારવા, અમદાવાદ. M.: 98984 16915

શ્રી દશનામ ગોસ્વામી સમાજના દર્દી પરિવારને
વિનામુલ્યે (નિ:શુલ્ક)
રહેવાની સુવિધા પુરી પાડતું **ભવન.**

આ કલ્યાણકારી સેવાકીય કાર્યમાં યથાશક્તિ સ્વૈચ્છીક યોગદાન આપી આભારી કરશોજી.

મેડિકલ ભવન માટેનું આપવામાં આવેલું દાન સંપૂર્ણપણે આવકવેરા નિયમને આધિન 11(B)80G(5)25/11-12/903 JAMNAGAR DT: 29/6/2912 ના આધારિત આવકવેરામાં માફી પાત્ર છે.

SCAN TO PAY
WITH ANY BHIM UPI APP

:: બેંકની વિગત ::

ખાતાનું નામ : **શ્રી દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ જામનગર**
બેંકનું નામ : **બેન્ક ઓફ બરોડા** (લાલ બંગલા શાખા) જામનગર.
ખાતા નંબર : **58090 10000 0447**
IFSC Code : **BARB0LALJAM** (Fifth Letter is ZERO)


:: વહીવટી કાર્યાલય ::

શ્રી હેમેન્દ્રગીરી સુંદરગીરી ગોસ્વામી
સ્વામિનારાયણ નગર, શેરી નં. ૫ (બંધ શેરીના નાકે), હાલાર હાઉસ પાછળ, જામનગર-૩૬૧૦૦૧. **M.: 98248 88187**



વજન ઘટાડવા અને સ્વાસ્થ્ય માટે ખૂબજ ગુણકારી બાજરીના રોટલા...

ડૉ. નંદિની એસ. ગોસાઈ
જામનગર



વજન વધવાની સમસ્યા આજકાલ સામાન્ય સાંભળવા મળી રહી છે. વજન ઘટાડવા માટે અનેક લોકો ડાયેટિંગ કરવી શરૂ કરી દે છે. કે પછી રોટલી ખાવી બંધ કરી દે છે. અવુ બધુ કરવુ જરૂરી નથી. આજે અમે તમને એક એવી વસ્તુ વિશે બતાવીશુ જેને ખાઈને તમે તમારુ વજન ઘટાડી શકો છો. આ માટે તમે ઘઉંને બદલે બાજરીના રોટલા ખાવાની ટેવ રાખો કારણ કે આ રોટલા જલ્દી વજન ઘટાડવામાં મદદગાર સાબિત થાય છે અને સાથે જ અનેક બીમારીઓમાંથી મુક્તી પણ અપાવે છે.

બાજરીના રોટલાના ફાયદા :

• વજન ઘટાડે :

બાજરીનો રોટલો ખાધા પછી મોડા સુધી ભૂખ નથી લાગતી જેવી કે વજન કંટ્રોલમાં રહે છે.

• એનર્જી :

ઘઉં કરતા બાજરીના રોટલા શરીરને વધુ ઉર્જા પ્રદાન કરે છે. તેને ખાવાથી વજન તો ઘટે જ છે સાથે જ ભરપૂર એનર્જી પણ પ્રાપ્ત થાય છે.

• પાચન રાખે ઠીક :

બાજરામાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર્સ જોવા મળે છે. જે પાચન શક્તિને ઠીક રાખે છે.

• ડાયાબિટીઝ અને કેંસર :

બાજરાના રોટલાનુ નિયમિત સેવન કરવાથી ડાયાબિટીસ અને કેંસર જેવી બીમારીઓથી છુટકારો મળે છે.

• દિલ માટે લાભકારી :

કોલેસ્ટ્રોલના સ્તરને કંટ્રોલ કરવા માટે બાજરીના રોટલા ખૂબ મદદગાર સાબિત થાય છે અને આ બ્લડપ્રેશરને કંટ્રોલમાં રાખે છે.

બોધ
કથા



ઈર્ષાળુ દેડકો...

મંથનપુરી એલ. ગોસ્વામી
સુરત



એક કુવો હતો કુવામાં ઘણા દેડકા સાથે રહેતા હતા, પરંતુ એમાં એક એવો દેડકો હતો જે ખૂબ જ ઇર્ષાળુ હતો એને બધાની ઈર્ષા બહુ થાય.

એક દિવસ બન્યું એવું કે એક સાપ કુવામાં આવ્યો. બધા દેડકા એ ભેગા થઈને સાપને હાંકી કાઢ્યો, પણ બીજા જ દિવસે પેલો ઈર્ષાળુ દેડકો સાપ પાસે ગયો અને સાપને કહ્યું કે, તુ કુવામાં આવ અને મારે ત્યાં રહેજે. સાપને કહ્યું કે તારે ત્યાં રહેવાની વાત તો બરોબર છે પણ મારે ખાવાનું શું ??

ત્યારે પેલા ઈર્ષાળુ દેડકાએ કહ્યું કે તારે દરરોજ એક એક દેડકાને ખાવાનો પણ એક શરત કે તારે મારા કુટુંબ માં કોઈને ખાવાના નહીં.

સાપે હા કહ્યું અને કુવામાં જઈ પેલા ઈર્ષાળુ દેડકાને ત્યાં રહેવા લાગ્યો અને રોજ એક એક દેડકો ખાવા લાગ્યો,

બીજા દેડકાઓએ વિરોધ કરતાં પેલો ઈર્ષાળુ દેડકો બોલ્યો કે સાપ મારો મિત્ર છે ને મારે ત્યાં જ રહેશે. તમારે જ્યાં જવું હોય ત્યાં જાવ, આમ એક એક કરતાં બધા દેડકાને સાપ ખાઈ ગયો,

હવે ઈર્ષાળુ દેડકા નો પરિવાર બચ્યો હતો, સાપે એના પરિવારને પણ ખાવાની શરૂઆત કરી.

પેલા ઈર્ષાળુ દેડકાએ સાપને કહ્યું કે મેં તો તને મારા પરિવાર ને ખાવાની ના કહી હતી ને, તો સાપએ કહ્યું કે હું તારા પરિવારને ના ખાઉં તો ભુખ્યો રહું એટલે તારા પરિવારને જ નહીં પણ હવે તો તારો પણ વારો આવશે અને સાપ એ ઈર્ષાળુ દેડકાને પણ ખાઈ ગયો.

શીખ:- સમાજ ના ઈર્ષાળુ દેડકા પોતાના સ્વાર્થ માટે આખા સમાજ ને નુકશાન કરે છે, અંતે તો એમનો પણ વારો આવે જ છે.

આવા દેડકા પોતે ડૂબે છે સાથે આખા સમાજ ને ડુબાડે છે.

આ સ્પેશિયલ પ્રજાતિ નું દેડકુ દરેક ગામ કે સમાજ માં જોવા મળે છે.



દર્શનપુરી ડી. ગોસ્વામી
સુરત

- C.A. અને B.com. બન્ને વચ્ચે શું તફાવત છે..?
  એમને એક જ પ્રશ્ન પૂછ્યો હતો કે એક ઓવરમાં કેટલા બોલ હોય છે ?
  B.Com. થયેલા એ કીધું કે છ બોલ હોય છે...
  CA થયેલા એ કીધું કે એક જ બોલ હોય છે, જે છ વાર નાખવામાં આવે છે.

• • • •

- ડોક્ટરે દર્દીનું ચેક અપ કરીને કહ્યું, "બાયપાસ કરવી પડશે"
  દર્દીએ ચારે બાજુ ડાફોળિયાં માર્યા પછી કહ્યું "પેલી લીલી સાડી પહેરીને આવી હતી એને મેં પાસ કરી છે.
  ડોક્ટર : અરે ડોબા એવી બાઈ પાસ નથી કરવાની, બાયપાસ સર્જરી કરવાની છે.

• • • •

- એક ગુજરાતી બા ની નિર્દોષ શંકા :
  કેલ્શિયમની ગોળી ગળવા જતા નીચે પડી ગઈ... એના બે ટુકડા થઇ ગયા...
  બા બોલ્યાં : લો પોતે જ તૂટી ગઈ..
  આ શું મારા હાડકાં મજબૂત કરવાની !

• • • •

- પપ્પુ કારની બૅટરી બદલવા ગયો.
  મિકેનિકે પૂછ્યું : exide ની નાખું?
  પપ્પુ કહે : એક સાઈડ ની શું કામ? તું તારે બેઉ સાઇડની નાખી દેને ..

• • • •

- પત્ની : એજી.... સાંભળો છો..
  નસીબદારને અંગ્રેજીમાં શું કહેવાય.?
  પતિ : વાંઢો..

• • • •

- એક બુદ્ધિ જીવી ગામ ના કબ્રસ્તાન મા બે સીટવાળું એક વિમાન તૂટી પડ્યું. ત્યાંનાં સ્થાનિક લોકો અત્યાર સુધીમાં ૫૦ બોડી કાઢી ચૂક્યા છે અને વધારે મળવાની આશાથી હજુ પણ ત્યાં ખોદ કામ ચાલુ છે.


• • • •

- પપ્પુની પત્ની : તમે બહુ જડપે વળાંક લો છો ત્યારે મને બહુ બીક લાગે છે.
  પપ્પુ: ઓયે! એટલે તુંય મારા જેવી ડરપોક નીકળી ને?
  એક કામ કર.. મારી જેમ તુંય સ્કૂટર વળે ત્યારે આંખ મીંચી લે.. પછી બીક નહીં લાગે.


• • • •

- બાપુ : હેં ભુરા !
  આ મોટિવેશનલ સ્પીકર
  શું કામ કરે.!!??
  ભુરો : બાપુ ! ઈ ઉંદરડાને...
  હાથીનો શિકાર કરવાની હવા ભરવાનું કામ કરે છે. !!

• • • •



શરીરની તંદુરસ્તી જાળવી રાખવા માટે...



ડૉ. સાગર આર. ગોસાઈ
જામનગર

૧. ગરમ દૂધ :

રાત્રે સૂતાં પહેલાં કોઈ પણ મીઠાસ વગર એક કપ ગરમ દૂધ પીવું જોઈએ. જેનાથી બ્લડ સુગર લેવલ કાબૂમાં આવે છે. ખાસ કરીને ડાયાબિટીસ ટાઈપ વનમાં ફાયદાકારક નીવડે છે.

૨. બરફ :

જયારે પણ માઈગ્રેનનો દુ:ખાવો થાય ત્યારે બરફના ચાર કયુબ્સને રૂમાલમાં લપેટીને તેને માથા ઉપર રાખો. લગભગ ૧૫ મિનિટ સુધી તેમ કરો તેનાથી તમને માથાનાં દુ:ખાવામાં ઘણું આરામ મળશે.

૩. ગાજર :

ડાયટમાં ગાજર સામેલ કરવાથી સારી માત્રામાં કેલ્શિયમ મળી રહે છે. ૧૨૦ ગ્રામ ગાજરમાં ૩૬ મિ.ગ્રા. કેલ્શિયમ હોય છે.

૪. અંજીર :

અંજીર ઘણી રીતે શરીરને ફાયદો આપે છે. એમાં ભરપૂર માત્રામાં કેલ્શિયમ હોય છે. આ હાડકાઓને મજબૂત બનાવે છે અને તેની કમજોરી દૂર કરવામાં મદદ કરે છે.

૫. ભજીયા :

ભજીયા ખાવાથી થાક ઉતરી જાય છે, કારણ કે તેમાં કાર્બોહાઈડ્રેટ અને ફાઈબર ભરપૂર માત્રામાં હોય છે અને તેને ખૂટતા વાર લાગે છે જેથી શરીરને પૂરતી ઊર્જા મળે છે.

‘દશનામ સરક્યુલર’ અંક દર મહિને પ્રાપ્ત કરવા

સ્કેન કરો અને વોટ્સએપ ગ્રુપ જોઈન કરો.

DASHNAM Circular

WhatsApp Group

સાવધાન !



તમે **કોને**
મદદ કરી રહ્યા છો?

આભાર

ૐ નમો નારાયણ,

અત્યંત આનંદની લાગણી સાથે આ **'દશનામ સરક્યુલર'** ઈ-મેગેઝીનનો **સપ્ટેમ્બર-૨૦૨૩**નો **૧૫મો** અંક આપની સમક્ષ રજૂ કરું છું.

મને આશા છે કે આ અંક પણ આપને જરૂર ગમશે અને ઉપયોગી થશે. અગર આપ એવું ઈચ્છતા હો કે આ અંક આપણા સમાજના દરેક પરિવાર, સભ્ય સુધી પહોંચે, તો આપ આપના સગા-સ્નેહીજનો-મિત્રોના ગ્રુપમાં પણ જરૂર શેર કરજો.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનમાં સંકલિત કરેલી કેટલીક ઉપયોગી માહિતી સોશિયલ મિડીયાના માધ્યમથી આપણા સમાજની દરેક વ્યકિત, પરિવાર સુધી પહોંચે અને ઉપયોગી થાય એવો અમારો આ નમ્ર પ્રયાસ છે. આ ઈ-મેગેઝિનનો અંક દર અંગ્રેજી મહિનાના પ્રથમ સપ્તાહમાં પ્રસિદ્ધ થાય છે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનને હજુ પણ શ્રેષ્ઠતમ બનાવવા આપના સૂચનો આવકાર્ય છે.

આ અંક માટે આપનો અભિપ્રાય અમને **વોટ્સએપ, ટેલિગ્રામ** અથવા **ઈ-મેલ** પર જરૂર મોકલશો, આપનો અભિપ્રાય અમારો ઉત્સાહ વધારશે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનના આગળના દરેક અંક આપ અમારી ટેલિગ્રામ ચેનલ :

"DASHNAM Circular"
Telegram Channel Link :
https://telegram.me/dashnamcircular

WhatsApp Group Link :
https://chat.whatsapp.com/JetVbaUVzpFLD610IGk9hc

પરથી દરેક અંક વિનામુલ્યે પ્રાપ્ત કરી શકો છો.

આપના આશીર્વાદ અને સાથ સહકાર મળતા રહે એવી અપેક્ષા સહ...
ૐ નમો નારાયણ...

- લલિતપુરી આર. ગોસ્વામી

સાદર અર્પણ...

અમારામાં સંસ્કારો અને આવડતોનું સિંચન કરનાર
અમારાં માતા-પિતાને...

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ।।



પૂ. પિતાશ્રી રામપુરી નારણપુરી ગોસ્વામી • પૂ. માતુશ્રી જમનાબેન રામપુરી ગોસ્વામી

શ્રી પિતામ્બરપુરી રામપુરી ગોસ્વામી - અ.સૌ. અરૂણાબેન પિતામ્બરપુરી ગોસ્વામી
શ્રી શશીપુરી પિતામ્બરપુરી ગોસ્વામી - અ.સૌ. હેમાલીબેન શશીપુરી ગોસ્વામી
અર્પિતા
કુશકુમારપુરી પિતામ્બરપુરી ગોસ્વામી

•

શ્રી ધનસુખપુરી રામપુરી ગોસ્વામી - અ.સૌ. પુષ્પાબેન ધનસુખપુરી ગોસ્વામી
સુરજપુરી - દર્શનપુરી

•

શ્રી લલિતપુરી રામપુરી ગોસ્વામી - અ.સૌ. ભારતીબેન લલિતપુરી ગોસ્વામી
તન્વી - મંથનપુરી
(રબારીકા - જામજોધપુર / સુરત)